**નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,**
**વ્યારા વન વિભાગ, વ્યારા**
**સ્ટેશન રોડ પુતળા પાસે વ્યારા**
**જિ.તાપી - ૩૯૪૬૫૦**
**ફોન નંબર : (૦૨૬૨૬) ૨૨૨૦૧૯**

# વ્યારા વન વિભાગ વ્યારા તથા રેંજો હેઠળ વિવિધ સરકારી કાર્યક્રમો, પ્રાકૃત્તિક શિબીરો, લોકજાગૃત્તિ કાર્યક્રમો તથા ખાતાનાં ઉત્સવો/ઉજવણી પ્રસંગો માટે મંડપ તથા કેટરીગ વ્યવસ્થાની સુવિધા પુરી પાડવાની કામગીરી માટે એજન્સીઓ નકકી કરવા અંગેનાં ટેન્ડરની શરતો

(૧) કોણ અરજી કરી શકે છે : ગુજરાતમાં રહેનાર ભારતનો કોઈ પણ ઈજારદાર /એજન્સી કે જે આ નિવિદામાં ઉલ્લેખિત નિયમો અને શરતોથી સંમત હોય અને કોઈપણ અનુસુચિત બેંકમાં ખાતુ, પાનકાર્ડ નંબર, જી.એસ.ટી. નંબર ધરાવતો હોય તે ટેન્ડર ભરી શકે છે. એજન્સીનાં કિસ્સામાં, એટલે કે એક કરતાં વધુ વ્યકિત માણસોની સંસ્થાનાં કિસ્સામાં મુખ્ય કાર્યકારી વ્યકિતનો પાનકાર્ડ જરૂરી છે. જેથી જે તે ટેન્ડરરે પાનકાર્ડની નકલ, આધાર કાર્ડની નકલ, જી.એસ.ટી. નંબરની નકલ રજુ કરવાની રહેશે.

(૨) આ કામનો અનુભવ ધરાવતાં હોય એવા ઈજારદારો/એજન્સી પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. મંડપ સર્વિસ અને કેટરીગ સર્વિસનાં વ્યવસાય સાથે સંકળાયેલા અને સરકાર માન્ય કોન્ટ્રાકટર/ઈજારદારો જ આ ટેન્ડરમાં ભાગ લઈ શકશે, જે અંગે વ્યવસાયલક્ષી નોંધણી પ્રમાણપત્રો તથા સલંગ્ન આધાર-પુરાવા રજુ કરવાના રહેશે.

(૩) વ્યારા વન વિભાગ વ્યારાનાં કાર્યક્ષેત્રમાં આયોજીત થતા સરકારી કાર્યક્રમો, શિબીરો, લોકજાગૃત્તિનાં કાર્યક્રમો તથા ખાતાની વિવિધ ઉજવણીઓ માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી મંડપ અને કેટરીન સુવિધાઓ પુરી પાડવાની કામગીરી માટે ભાવ મંગાવવામાં આવે છે. જે અંગે ભાવ ભરનાર બીડરે પ્રતિ એકમ દીઠ ભાવ આપવાના રહેશે.

(૪) ઈસમોનાં વતી થી કામ કરનાર પ્રતિનિધીઓએ કુલમુખ્યત્યાર નામુ રજુ કરવાનું રહેશે.

(૫) ટેન્ડરમાં સહી કરનાર વ્યકિતએ તે પેઢીનાં ભાગીદાર કે મેનેજર હોય તો સ્ટેમ્પ પેપર ઉપર લખાણ રજુ કરવાનું રહેશે.

(૬) ઈજારદાર/એજન્સી પાસે આ કામગીરી તથા સંચાલનનો અનુભવ ધરાવતાં માનવબળ હોવા આવશ્યક છે. તેમજ સુરક્ષાની બાબત ધ્યાને લઈ આ પ્રકારની કરેલ કામગીરીનો અનુભવ ધરાવતા ઈજારદારો/એજન્સીને પ્રાથમિકતા આપવાનો મુખ્યત્વે હેતુ છે.

(૭) આ કામગીરીનો કરાર જે ઈજારદાર/એજન્સીને આપવામાં આવે તેમણે અત્રેથી જે સ્થળે મંડપ/કેટરીગ સુવિધા પુરી પાડવા જણાવવામાં આવે તે સ્થળે સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે. તથા માલ સામાન વાહતુક ખર્ચ અલગથી આપવામાં આવશે નહી તથા કાર્યક્રમ કે ઉજવણી પુર્ણ થયે સ્થળની સાફ સફાઈની જવાબદારી સંબંધિત એજન્સીની રહેશે. જરૂર જણાય ત્યાં વિભાગનાં સાધન સામગ્રીનો ઉપયોગ કરી શકાશે. કામગીરીની અનિયમિતતા કે ખામી ધ્યાને આવશે તો એજન્સીનો કરાર રદ કરવામાં આવશે.

(૮) વ્યારા વન વિભાગ વ્યારાનો તાપી જિલ્લામાં સમાવેશ થાય છે. જેમાં કુલ-૧૦ રેંજો આવેલ છે. તાપી જિલ્લામાં સોનગઢ-ઉકાઈ-વ્યારા-ડોલવણ-વાલોડ-ઉચ્છલ-નિઝર તથા કુકરમુંડા તાલુકાનો સમાવેશ થાય છે. જેથી એજન્સીએ જણાવેલ તાલુકાઓમાં આવેલ રેંજોમાં રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રી સુચવે તે સ્થળે કામગીરી કરવાની હોવાથી એજન્સીએ જે તે રેંજની ભૌગોલિક પરિસ્થતીનું નિરીક્ષણ કરવા માટે જે તે રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીનું પ્રમાણપત્ર મેળવી ઓનલાઈન તથા ટેકનીકલ બીડનાં અન્ય સાધનિક કાગળો સાથે ફરજીયાત પણે રજુ કરવાનું રહેશે.

(૯) બીડર બ્લેકલીસ્ટેડ નથી તે મતલબનું પ્રમાણપત્ર ફરજીયાત આપવાનું રહેશે.

(૧૦) ટેન્ડર ફી અંગેનો ડિમાન્ડ ડ્રાફ્ટ **રૂા. ૧૫૦૦/- (રૂપિયા પંદરસો)** તથા ટેન્ડર દીઠ ખરાપણાની રકમ **રૂા. ૧૦૦૦૦૦/- (રૂપિયા એક લાખ પુરાનો)**નો કોઈપણ રાષ્ટ્રીયકૃત્ત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ નાયબ વન સંરક્ષકશ્રી વ્યારા (Dy Conservator of Forests Vyara) નાં નામનો કઢાવવાનો રહેશે. જે ટેન્ડરનાં અન્ય દસ્તાવેજો સાથે અસલમાં અત્રેની કચેરીએ જણાવેલ સરનામે સમયર્માદામાં ફરજીયાત મોકલવાનો રહેશે. જો બંને માંથી એક પણ ડિમાન્ડ ડ્રાફ્ટ રજુ કરવામાં નહી આવશે તો ટેન્ડર માન્ય ગણાશે નહી.

(૧૧) ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી **તા. ૦૮-૦૭-૨૦૨૬, સમય-૧૮-૦૦** કલાક સુધીની રહેશે. ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા અન્ય સાધનિક કાગળો અંગેનું સીલ બંધ કવર **તા. ૦૯-૦૭-૨૦૨૬ નાં રોજ બપોરે ૧૪-૦૦** કલાક સુધીમાં રૂબરૂ./રજી.એડી/ સ્પીડ પોસ્ટ

ધ્વારા બિનચુક અત્રેને મોકલી આપવાનો રહેશે. મોડા આવેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

(૧૨) શકય હશે તો ટેન્ડરની ટેકનીકલ બીડ **તા. ૦૯-૦૭-૨૦૨૬ નાં રોજ બપોરે ૧૫-૦૦** કલાકે વિભાગીય કક્ષાની કમિટી રૂબરૂ ખોલવામાં આવશે. ઓનલાઈન મળેલ સાઘનિક પુરાવાઓ તેમજ ફિઝીકલ કવરમાં મળેલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા અન્ય સાઘનિક પુરાવાઓની ચકાસણી કમિટી ધ્વારા કર્યા બાદ કમિટી તરફથી મળેલ અભિપ્રાયને ઘ્યાને લઈ જે ઈજારદારોનાં સાઘનિક પુરાવાઓ ટેન્ડરમાં માંગણી કર્યા મુજબ બરાબર હશે તો તે ઈજારદારોની જ નાણાંકીય બીડ વિભાગીય કક્ષાની કમિટી ધ્વારા ખોલવામાં આવશે.

(૧૩) અઘુરી વિગતનાં ટેન્ડરો ઘ્યાને લેવામાં આવશે નહી.

(૧૪) ઈજારદાર / સંસ્થા એક જ ટેન્ડર ભરી શકશે.

(૧૫) ટેન્ડર રજુ કર્યા બાદ ઈજારદારો ધ્વારા કોઈ ફેરફાર થઈ શકશે નહી.

(૧૬) નકકી કરેલ તારીખ / સમય પછી આપેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી.

(૧૭) ઈજારદારો ટેન્ડર ખોલવાના સમય સુઘીમાં આપેલ ટેન્ડર પાછુ ખેંચી શકશે પરંતુ આમ કરવા માટે અત્રેની પુર્વ મંજુરી લેવી પડશે. ડિપોઝીટ પરત કરવી કે નહી તેનો નિર્ણય પણ નાયબ વન સંરક્ષકશ્રી વ્યારા વન વિભાગ વ્યારાનો રહેશે.

(૧૮) ટેકનીકલ બીડમાં સફળ રહેલ ઈજારદારોની જ નાણાંકીય બીડ વિભાગીય કક્ષાની કમિટી રૂબરૂ ખોલવામાં આવશે.

(૧૯) ઓનલાઈન મળેલ સૌથી ઓછા ભાવ ભરેલ L-1 એજન્સીનાં ભાવો મંજુર કરવામાં આવશે.

(૨૦) સદર ટેન્ડરની સમયમર્યાદા ભાવ મંજુર કરેલ તારીખથી એક વર્ષ સુઘીની રહેશે. આ સમયગાળો નાયબ વન સંરક્ષકશ્રી તથા પાર્ટીની સંમતિથી વઘુ એક વર્ષ માટે લંબાવી શકાશે.

(૨૧) કામગીરીનો ચુકાદો કરતાં સમયે અત્રેથી ટી.ડી.એસ./ જી.એસ.ટી. ની કપાત સરકારશ્રીનાં ઘારા ઘોરણ મુજબ કપાત કરવામાં આવશે. ટેન્ડર સંપુર્ણપણે ગુજરાત રાજય સરકારશ્રીનાં સેલ્સ ટેક્ષ/ સેન્ટ્રલ ટેક્ષ/વેટ/જી.એસ.ટી. અને ઈન્કમટેક્ષનાં આઘિન રહેશે.

ટ્રાન્ઝેકશનનાં આધિન આવેલ તમામ ટેક્ષ માટે નાયબ વન સંરક્ષકશ્રીની કોઈ જવાબદારી રહેશે નહી.

(૨૨) નાણાંકીય બીડમાં આઈટમ માટે દર્શાવેલ રકમ **લાગુ પડતા તમામ કરો સાથેની રકમ** (include all applicable taxes and charges) ગણાશે. ભવિષ્યમાં ભાવમાં વધ-ઘટ થાય કે GST નાં ભાવો સરકારશ્રી તરફથી વધારવામાં આવે તો મંજુર કરેલા ભાવોથી વધારે રકમ મેળવવા હકકદાર રહેશે નહી.

(૨૩) કોર્ટ ધ્વારા નૈતિક અધઃપતન કે અન્ય ગુન્હા સંબંધિત શિક્ષા કરવામાં આવેલ વ્યકિતઓ, ૧૮ વર્ષથી ઓછી ઉમરની વ્યકિતઓ તથા બ્લેકલીસ્ટ થયેલ ઈજારદારોનાં ટેન્ડર રદબાતલ ગણાશે. આવા કેસમાં ડિપોઝીટની રકમ ખાલસા કરવામાં આવશે.

(૨૪) આપેલ તમામ ટેન્ડરો તથા તે પૈકીનાં કોઈપણ ટેન્ડરો કારણો વગર અસ્વીકાર કે અંશતઃ સ્વીકારવાનો હકક નાયબ વન સંરક્ષકશ્રી વ્યારા પાસે અબાધિત રહેશે.

(૨૫) ટેન્ડરમાં જણાવેલ કામગીરી અંગે અત્રેનાં વિભાગની જુદી જુદી રેંજની જરૂરીયાતને ઘ્યાને લઈ ઓર્ડર આપવામાં આવશે.

(૨૬) સદર કામગીરી દરમ્યાન સલામતી માટે જરૂરી તમામ તકેદારી ફરજીયાત રાખવાની રહેશે. કામગીરી દરમ્યાન કોઈપણ પ્રકારની નુકશાની કે અકસ્માતજન્ય પરિસ્થતી ન સર્જાય તે માટે યોગ્ય વ્યવસ્થા રાખવી જરૂરી રહેશે. તથા થયેલા નુકશાનની ભરપાઈ કરવાની રહેશે.

(૨૭) સદર કામગીરી કરતી વખતે સંબંધિત રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીનો સંપર્ક કર્યા બાદ જ વન વિસ્તારમાં જવા માટેની પરવાનગી મેળવી વન વિસ્તારમાં પ્રવેશ કરી જે તે જગ્યાએ પહોંચતુ કરવાનું રહેશે.

(૨૮) ઈજારદાર/એજન્સીએ કામગીરી પુર્ણ થયેથી મંજુર થયેલ ભાવ મુજબ પાકુ બીલ પ્રમાણપત્ર સાથે સંબંધિત રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીને ચુકવણા અંગે રજુ કરવાનું રહેશે.

(૨૯) અત્રેની મંજુરી વગર મંજુર થયેલ ટેન્ડર અન્ય ઈજારદારને તબદીલ થઈ શકશે નહી.

(૩૦) ટેન્ડર જેના નામે મંજુર થયેલ હશે તેને તમામ શરતો બંધનકર્તા રહેશે. કોઈપણ શરતનો ભંગ થશે તો ભરેલ ડિપોઝીટની રકમ સરકારશ્રી હસ્તક જમા કરવામાં આવશે. તેમજ જે નુકશાન થશે તે તેઓએ ભરપાઈ કરવાનો રહેશે.

(૩૧) ટેન્ડર મંજુર થયેથી માલ / સામાન સપ્લાય દરમ્યાન માલને કોઈ નુકશાન થાય તો અત્રેની કોઈ જવાબદારી રહેશે નહી.

(૩૨) ટેન્ડર મંજુર થયા બાદ કામગીરી દરમ્યાન કોઈ મજુર / કારીગરને નુકશાન / ઈજા થાય તો મજુર કાયદા કે અન્ય કાયદા મુજબ અત્રેની કોઈ જવાબદારી રહેશે નહી.

(૩૩) ચુકવણા માટે રજુ થયેલ બીલ / વાઉચર, ચુકવણા ફંડની ઉપલબ્ધતાને આધિન શકય ત્વરાએ કરવામાં આવશે. ચુકવણું ફંડની ઉપલબ્ધતા પર આધારીત હોવાથી આ માટે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

(૩૪) થયેલ કામગીરીની ચુકવણી થયા પછી પણ તેની ગુણવત્તા અથવા જથ્થામાં કોઈ ક્ષતિ જોવા મળશે તો એજન્સીને દંડ કરવામાં આવશે અને જરૂર જણાય તો તેને બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

(૩૫) સરકારશ્રી ધ્વારા લેવામાં આવતાં નિર્ણયને લીધે કુદરતી આફતો જેવી બાબતોથી આઈટમ સપ્લાય કરનારને કોઈ પણ નુકશાન થાય તો તે માટે નાયબ વન સંરક્ષકશ્રીની જવાબદારી રહેશે નહી. એજન્સી ધ્વારા કામગીરી પર રોકવામાં આવેલ મજુરોને લગત તમામ કાયદાકીય બાબતો જેવી કે, મજુર વીમો-મજુર કાયદાનો અમલ-ઔદ્યોગિક વિવાદ ધારો-ન્યુન્તમ દૈનિક વેતન દર-સુરક્ષા વગેરે કાયદાઓનું પાલન અને તેમાંથી ઉપસ્થિત થતી તમામ કાયદાકીય અને નાણાંકીય જવાબદારીનો અમલ કરવાનો રહેશે. કામ પર આવતા મજુરોની સુરક્ષા સંબંધિત તમામ સાધન સામગ્રી એજન્સીએ પુરી પાડવાની રહેશે. જેનાં અભાવે કોઈ અકસ્માત/દુર્ઘટના બનશે તેની સમગ્ર જવાબદારી સોંપેલ એજન્સીને રહેશે અને તેઓને ન્યાયીક અને ફોજદારીની તમામ બાબતોની જવાબદારી રહેશે. કામગીરીનાં સ્થળે એજન્સીએ તમામ પ્રકારની મેડીકલ અને સુરક્ષા ઉપકરણોની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩૬) નકકી થયેલ ભાવો માટે બજાર ભાવનાં વધ-ઘટ માટે નાયબ વન સંરક્ષકશ્રી જવાબદાર રહેશે નહી. ટેન્ડર ભરનારે જરૂરી કામગીરી સંમત થયેલ દરથી કરવાની રહેશે. કરેલ કરાર મુજબ પ્રભાવી કામગીરી અથવા કરેલ કરાર મુજબ શરતોનું પાલન નહી કરનાર અને જો કામગીરી સંતોષકારક ન જણાય તો એજન્સીને તાત્કાલિક અસરથી કામગીરી પરથી દુર કરવાની સંપુર્ણ સત્તા નાયબ વન સંરક્ષકશ્રીની રહેશે.

(૩૭) આ ટેન્ડર બાબતે ઉપસ્થિત થનાર કાનુની દાવાઓ તાપી-વ્યારા ન્યાયાલયની હુકુમત માં રહેશે.

(૩૮) કોઈ યોજના હેઠળ ચુકવણા માટે અત્રેથી ચુકવણા સંબંધિત અન્ય દસ્તાવેજોની જરૂરીયાત ઉભી થાય તો ઈજારદારે ફરજીયાત પણે માંગેલ સમયમર્યાદામાં પુરા પાડવાના રહેશે.

(૩૯) ઈજારદાર તરફથી મળેલ ટેન્ડરફોર્મ સાથેનાં અર્નેસ્ટ મની ડીપોઝીટનાં ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયા બાદ જે કોઈ પાર્ટી અમાન્ય ઠરશે અથવા તો જેના ભાવ ઉંચા હશે તેના કારણે રદ કરવાપાત્ર થશે તેવા ટેન્ડરવાળા ઈજારદારોની આવેલ અર્નેસ્ટ મની ડિપોઝીટનાં જે ડીમાન્ડ ડ્રાફ્ટ અત્રેની કચેરીમાં જમા કરાવેલ હશે તે અસલમાં પરત કરવામાં આવશે. આ પરત કરેલ ડિમાન્ડ ડ્રાફ્ટનાં નાણાં બેંકમાંથી પરત લેતી વખતે બેંક ધ્વારા કોઈ પણ ચાર્જ કે અન્ય વસુલાત થશે તો તે ઈજારદારોએ ભોગવવાની રહેશે.

(૪૦) તમામ નાણાંકીય નિયમો તેમજ સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવતી તમામ સુચનાઓ-પરીપત્રો તથા ઠરાવોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

# Technical Bid (સાધનિક પુરાવાઓની વિગત)

**Details (વિગત)**

Name : ..........................................................................
(નામ)

Full Address : ..........................................................................
(પુરૂ સરનામું)

Mobile Number : ..........................................................................
(મોબાઈલ નંબર)

Pan Card Number : ..........................................................................
(પાનકાર્ડ નંબર)

GST Number : ..........................................................................
(જીએસટી નંબર)

Bank Account No : ..........................................................................
(બેંક એકાઉન્ટ નંબર)

Bank Name : ..........................................................................
(બેંકનું નામ)

IFSC Code : ..........................................................................
(આઈ.એફ.એસ.સી કોડ)

Document to be submitted (જરૂરી દસ્તાવેજોનું લીસ્ટ)

a) Fully signed copy of terms and condition pages with declaration (નિયમો અને શરતોનાં દરેક પાના ઉપર સહી કરેલ નકલ)
b) Rs. 1500/- Tender Fee Demand Draft (રૂા. ૧૫૦૦/- નો ટેન્ડર ફી અંગેનો ડિમાન્ડ ડ્રાફટ)
c) Nationalize Bank DD of Rs. 100000/- as EMD(Exemption certificate will not be acceptable) (રાષ્ટ્રીયકૃત્ત બેંકનો રૂા. ૧૦૦૦૦૦/- નો ડિમાન્ડ ડ્રાફટ)(બાનામુકિત પ્રમાણપત્ર સ્વીકાર્ય રહેશે નહી)
d) Sign copy of PAN Card and GST Registration Certificate (સ્વ-સહી કરેલ પાનકાર્ડ અને જીએસટી પ્રમાણપત્રની નકલ)
e) GSTR 3-B form for paying GST for the month of March-2026 has to be submitted compulsorily. (માર્ચ-૨૦૨૬ માસનું જી.એસ.ટી. ભર્યા અંગેનું GSTR 3-B ફોર્મ ફરજીયાત રજુ કરવાનું રહેશે.)
f) Adhaar Card Copy (આધાર કાર્ડની નકલ)

g) Bank Account Details (Passbook/Statement Copy) (બેંક ખાતાની વિગત બેંક પાસ બુક / સ્ટેટમેન્ટની નકલ)

h) In case Mandali/SHG/Partnership Copy of Firm Registration Certificate (જો મંડળી/એસ.એચ.જી ગૃપ/ભાગીદારી પેઢી હોય તો નોંઘણી પ્રમાણપત્રની નકલ)

i) Submitted Site Visit Certificate of All 10 Ranges (જણાવેલ કુલ-૧૦ રેંજોનું સાઈટ વિઝીટ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.)

j) વ્યવસાયલક્ષી નોંઘણી પ્રમાણપત્રો તથા સંલગ્ન આઘારા-પુરાવા.

# CERTIFICATE

I................................................... here by Declared that I have read all the conditions carefully and having agreed to them fully and unconditionally have submitted the financial bid attached with this document. The details mentioned above are true to my knowledge and the documents listed above are attached herewith.

આથી હું ......................................જાહેર કરૂ છું કે અમોએ બધી શરતો અને નિયમો કાળજીપુર્વક વાંચેલ છે અને સંપુર્ણપણે સંમત થાઉ છું. ઉપર ઉલ્લેખ કરેલ તમામ વિગતો મારી જાણ મુજબ સાચી છે અને ઉપર દર્શાવેલ દસ્તાવેજો સાથે જોડાયેલ છે.

ઈજારદારનું નામઃ

સહીઃ

**નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,**
**વ્યારા વન વિભાગ, વ્યારા**
**સ્ટેશન રોડ પુતળા પાસે વ્યારા**
**જિ.તાપી - ૩૯૪૬૫૦**
**ફોન નંબર : (૦૨૬૨૬) ૨૨૨૦૧૯**

| રેંજ | રેંજનું સરનામું | ટેન્ડર મોકલવાનું સરનામુ. |
|---|---|---|
| વ્યારા રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી વ્યારા ની કચેરી, સયાજીરાવ નાં પુતળા પાસે, સ્ટેશન રોડ વ્યારા તા. વ્યારા,જિ. તાપી પીન કોડ-૩૯૪૬૫૦ મો.નં.૯૫૭૪૪૫૯૭૦૨ | નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી વ્યારા વન વિભાગ વ્યારા, સયાજીરાવનાં પુતળા પાસે, સ્ટેશન રોડ વ્યારા, તા. વ્યારા જિ.તાપી પીનકોડ-૩૯૪૬૫૦ ફોન નંબર:(૦૨૬૨૬) ૨૨૨૦૧૯ |
| ઉનાઈ રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રી ઉનાઈ ની કચેરી, નાકા ફળીયા ઉનાઈ, તા.વાંસદા જિ. નવસારી પીન કોડ-૩૯૬૫૯૦ મો.નં. ૯૦૯૯૯ ૧૩૩૦૭ | |
| ફોર્ટ સોનગઢ રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી ફોર્ટસોનગઢ ની કચેરી,દશેરા કોલોની રોડ, સોનગઢ, તા. સોનગઢ જિ. તાપી પીન કોડ-૩૯૪૬૭૦ મો.નં.૮૨૦૦૯ ૮૯૭૩૧ | |
| સાદડવેલ રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી સાદડવેલ ની કચેરી, દશેરા કોલોની રોડ, સોનગઢ, તા. સોનગઢ જિ. તાપી પીન કોડ-૩૯૪૬૭૦ મો.નં. ૯૨૬૫૧ ૮૯૮૧૮ | |
| મલંગદેવ રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી મલંગદેવ ની કચેરી, મુ.પો. મલંગદેવ, તા. સોનગઢ જિ. તાપી મો.નં.૯૭૨૬૦૦૫૨૦૬ | |
| ટાપ્ટી રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી ટાપ્ટી ની કચેરી, મુ.પો. ભુરીવેલ (ઉકાઈ),તા. સોનગઢ જિ. તાપી પીન કોડ-૩૯૪૬૮૦ મો.નં.૯૪૯૧૬ ૯૬૨૯૨ | |
| ખેરવાડા રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી ખેરવાડા ની કચેરી, મુ. ખેરવાડા, પો. ભટવાડા, તા. સોનગઢ જિ. તાપી પીન કોડ-૩૯૪૬૮૦ મો.નં. ૯૮૨૪૦ ૧૮૪૩૪ | |
| વાજપુર રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી વાજપુર ની કચેરી, મુ.પો. ભુરીવેલ (ઉકાઈ),તા. સોનગઢ જિ. તાપી પીન કોડ-૩૯૪૬૮૦, મો.નં. ૯૩૨૭૭ ૩૯૬૧૭ | |

| | | |
|---|---|---|
| નેશુ પુર્વ રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી નેશુ પુર્વ (ટાવલી) ની કચેરી, મુ. ટાવલી, પો. ચિત્તપુર, તા. ઉચ્છલ જિ. તાપી પીન કોડ-૩૯૪૩૭૫ મો.નં. ૯૯૦૪૬ ૨૫૪૬૫ | |
| નેશુ પશ્ચિમ રેંજ | રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી નેશુ પશ્ચિમ (ઉચ્છલ) ની કચેરી, મુ.પો. ઉચ્છલ, તા. ઉચ્છલ જિ. તાપી પીન કોડ-૩૯૪૩૭૫ મો.નં. ૯૬૮૭૮ ૪૫૧૯૬ | |

# <u>Site Visit Certificate (Tender ID-311472)</u>

**Work Title: - Tender for Providing Mandap Decoration, Catering and Related Arrangements for Various Government Programs and Camps under Vyara Forest Division, Vyara**

I……….………. Representing ………………….. I agree for Tender for Providing Mandap Decoration, Catering and Related Arrangements for Various Government Programs and Camps under Vyara Forest Division, Vyara.

| Sr No | Name of Range | Date of Visit | RFO Sign |
|---|---|---|---|
| 1 | Fort Songadh | | |
| 2 | Kherwada | | |
| 3 | Malangdev | | |
| 4 | Nessu East | | |
| 5 | Nessu West | | |
| 6 | Sadadvel | | |
| 7 | Tapty | | |
| 8 | Unai | | |
| 9 | Vajpur | | |
| 10 | Vyara | | |

Agency Name:

Agency Seal & Sign: